# કઠોળની આયાત કરવા કેબિનેટનો નિર્ણય

નવી દિલ્હી,તા. ૧૦

કઠોળના ભાવ વધારાને રોકવા માટે સરકારે આજે કઠોળની આયાત



કરવાનો મહત્વનો નિર્ણય કર્યો હતો. સાથે-સાથે સંગ્રહખોરો સામે પગલા લેવાનો રાજ્યોને આદેશ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં વધતી જતી કિંમત અંગે ચિંતા વ્યક્ત કરાઈ હતી અને અન્ય પગલાઓની સાથે આયાતને વધારવાનો નિર્ણય કરાયો હતો. છેલ્લા ૧ વર્ષના ગાળામાં કઠોળની કિંમતમાં ૬૪ ટકા સુધીનો વધારો થઈ ચુક્યો છે. કારણકે, ૨૦૧૪-૧૫ના પાક વર્ષમાં સ્થાનિક ઉત્પાદન બે મીલિયન ટન સુધી ઘટી ગયુંછે. પ્રતિકૂળ હવામાનની સ્થિતિના પરિણામ સ્વરૂપે ઉત્પાદનમાં ઘટાડો થયો છે. ખાદ્યાન પ્રધાન રામવિલાસ પાસવાને માહિતી આપતા કહ્યું હતું કે, સરકાર કઠોળના વધતા ભાવને લઈને ખૂબ જ ગંભીર છે. કઠોળનું ઓછું ઉત્પાદન થયું છે જેથી જરૂરીયાત મુજબ કઠોળની આયાત કરાશે. સંગ્રહખોરો સામે પગલા લેવાનું પણ કહેવામાં આવ્યુંછે. ભાવ વધારાને કાબુમાં લેવા મોટાપ્રમાણમાં કઠોળની આયાત કરવા મોદીએ સૂચના આપી છે. આયાત કોણ કરશે તે અંગે પુછવામાં આવતા પાસવાને કહ્યું હતું કે, આના માટે રૂપરેખા નક્કી કરાશે. કઠોળના ભાવ વધારાને કાબુમાં લેવા અને સ્થિતીને પહોંચી વળવા માટે કેન્દ્રિય કૃષિ મંત્રાલય દ્વારા કમર કસી લેવામાં આવી છે. જેના ભાગરૂપે આજે કઠોળની આયાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૩-૧૪માં કઠોળનું ઉત્પાદન ૧૯.૨૫ મિલીયન ટન રહ્યુંહતું. જ્યારે માંગ ૨૧.૭૭ મિલીયન ટનની રહી છે. આવી જ રીતે ૨૦૧૧-૧૨માં ૧૭.૦૯ મિલીયન ટનના ઉત્પાદન સામે માંગ ૨૦.૦૬ મિલીયન ટન રહી હતી. ટૂંકમાં ઉત્પાદનની સામે માંગ વધારે રહી છે જેથી હંમેશા તંગી રહી છે. આવી સ્થિતિમાં ભાવ વધારો ન થાય તે માટે આયાત કરવાની ફરજ પડી રહી છે.પ્રાપ્ત અહેવાલ મુજબ કૃષિ મંત્રાલય દ્વારા કોઈ પણ કઠોળની અછતને પહોંચી વળવા માટે કોમોડીટીની આયાત કરવા માટે પહેલાથી જ તૈયારી કરી હતી.આ દરખાસ્તને આજે લીલીઝંડી આપી દેવામાં આવી હતી. આ વખતે કઠોળનુ સ્થાનિક ઉત્પાદન પ્રમાણમાં ઓછુ રહ્યું છે. સાથે સાથે આંતરરાષ્ટ્રીય સ્તર પર સ્થિતીને ધ્યાનમાં લેવામાં આવી રહી છે. સુત્રોએ કહ્યું છે કે કુબેનટ સેક્રેટરીના નેતૃત્વમાં મળેલી સચિવોની બેઠકમાં આ નિર્ણય કરવામા આવ્યો હતો. ડેટા દર્શાવે છે કે કઠોળની કિંમત તાજેતરના મહિનામાં આસમાને પહોંચી રહી છે. સત્તાવાર અંદાજમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન સ્થાનિક ઉત્પાદન ૧૭.૩૮ મિલિયન ટન રહી શકે છે. અગાઉના વર્ષ દરમિયાન કઠોળનુ ઉત્પાદન ૧૯.૨૫ મિલિયન ટન રહ્યુ હતુ. નેટ ઉપલબ્ધતા આશરે એક મિલિયન ટન સુધી ઘટી ગઈ છે. સ્થાનિક ઉત્પાદન અને માંગ વચ્ચે અંતરમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા થોડાક વર્ષોમાં સરેરાશ ચાર મિલિયન ટન કઠોળની આયાત કરવાની ભારતને ફરજ પડી છે. માંગની સામે ઉત્પાદન ઘટતા હાલત ખુબ કફોડી રહી છે. ઉત્પાદન અને માંગ વચ્ચે અંતર વર્ષ ૨૦૧૪-૧૫માંઆશરે ૫.૩૦ મિલિયન ટનની આસપાસ છે. જે ચિંતા ઉપજાવે છે.

**કૃષિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહનનો હેતુ**

## મોદી સરકાર દ્વારા લેવાયેલા આઠ નિર્ણય કયા-કયા.......

નવી દિલ્હી,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે કૃષિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવા માટે આજે આઠ મહત્વપૂર્ણ નિર્ણય કર્યા હતા. જેમાં તમામ લોકલક્ષી નિર્ણયોનો સમાવેશ થાય છે. કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આજે કયા-કયા નિર્ણયને મંજુરી આપવામાં આવી તે નીચે મુજબ છે.

૧ કેન્દ્રીય કેબિનેટે કઠોળની કિંમતને કાબુમાં લેવા જરૂરી પ્રમાણમાં કઠોળની આયાત કરવાનો નિર્ણય કર્યો, છેલ્લા એકવર્ષમાં કઠોળની કિંમતમાં ૬૪ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૧૪-૧૫ના પાક વર્ષમાં પ્રતિકૂળ હવામાનની સ્થિતિના પરિણામ સ્વરૂપે કઠોળના ઉત્પાદનમાં સ્થાનિક સ્તરે બે મીલિયન ટનનો ઘટાડો થયો છે. સંગ્રહખોરો સામે કાર્યવાહી કરવાનો આદેશ પણ કરાયો છે.

૨ દક્ષિણી રાજ્યોમાં યુરિયાના સાનુકુળ પુરવઠાની ખાતરી કરવા કેબિનેટે ત્રણ પ્લાન્ટમાંથી ઉત્પાદનને જારી રાખવાનો નિર્ણય કર્યો છે. આ પ્લાન્ટ નેફ્તાનો ઉપયોગ ફિડ સ્ટોક તરીકે કરે છે. આ નિર્ણયનો મતલબ એ થયો કે કર્ણાટક, તમિલનાડુ અને કેરળને પુરતા પ્રમાણમાં ખાતરનો પુરવઠો મળશે. આ ત્રણેય રાજ્યોની કુલ જરૂરીયાત ૨૩ લાખ ટનની આસપાસ છે. જ્યારે આ ત્રણ યુનિટમાંથી વાર્ષિક ઉત્પાદન પ્રતિ વાર્ષિક ૧૫ લાખ ટન છે.

૩ કેબિનેટે યાત્રિઓ, પર્સનલ અને કાર્ગો વ્હીકલ ટ્રાફિકના રેગ્યુલેશન માટે બાંગ્લાદેશ-ભુતાન, ભારત, નેપાળ મોટર વ્હીકલ એગ્રીમેન્ટ ઉપર હસ્તાક્ષર કરવાને મંજુરી આપી છે. હસ્તાક્ષરની પ્રક્રિયા ૧૫મી જુનના દિવસે યોજાશે.

૪ કેબિનેટે સિફારેશ આડેન્ટીટી ડોક્યુમેન્ટ ઉપર પરીસંવાદને મંજુરી આપવાની તૈયારી પણ દર્શાવી છે. આ પ્રકારના દસ્તાવેજ વિકસીત કરાશે જેનાથી સુરક્ષા મામલામાં ફુલપ્રૂફ સાબિત થશે.

૫ કેન્દ્રીય કેબિનેટે ખાડં ઉદ્યોગને રાહત આપવા છ હજાર કરોડની વ્યાજમુક્ત લોન આપવાની જાહેરાત કરી છે. આનાથી તિજોરી ઉપર જંગી બોજ પડશે. પરંતુ ખેડૂતોને આ નાણાંની ચુકવણી કરવામાં આવશે. ખેડૂતોના ખાતામાં સીધી રીતે આ રકમ જમા થશે.

૬ કેબિનેટે મધ્યપ્રદેશમાં નેશનલ હાઈવે-ઉના ગુના-બિયોરા અને બિયોરા-દેવાસ સેક્સનને ફોરલેન કરવાને મંજુરી આપી છે. જેના પર ૨૮૧૫.૬૯ કરોડનો ખર્ચ કરાશે.

૭ કેબિનેટે સિવિલ લિયાબિલીટી ફોર બંકર ઓઈલ પોલ્યુશન ડેમેજ-૨૦૧૧ પર આંતરરાષ્ટ્રીય પરિસંવાદ સાથે સંબંધિત મામલામાં ભારતના અભિપ્રાય માટે શિપિંગ મંત્રાલયની દરખાસ્તને મંજુરી આપી છે.

૮ કેબિનેટે તેલંગાણામાં નેશનલ હાઈવે-૧૬ ઉના યાદગીરી-વારાંગલ સેક્શનના ફોરલેનના વિકાસ માટે મંજુરી આપી છે. આના ઉપર ૧૯૦૫.૨૩ કરોડનો ખર્ચ થશે.

**કેન્સલેશન ઉપર ૫૦ ટકા રિફંડ મળશે**

## રેલવે તત્કાલ ટિકિટ : બુકિંગ સમયમાં ફેરફાર કરી દેવાયો

નવી દિલ્હી,તા. ૧૦

ભારતીય રેલવેએ તત્કાલ ટિકીટના બુકિંગ માટે સમયને બદલી નાંખ્યો છે. હવે કસ્ટમરોને ટીકીટ કેન્સલ કરાવવા ઉપર ૫૦ ટકા રિફંડ પણ મળશે. નવા કાર્યક્રમ મુજબ એસી ક્લાસ માટે બુકિંગ સવારે ૧૦ વાગ્યે શરૂ થશે અને સવારે ૧૧ વાગ્યે પૂર્ણ થશે. જ્યારે નોન એસી ક્લાસ માટે બુકિંગ ૧૧ વાગ્યે શરૂ થશે અને ૧૨ વાગ્યે પૂર્ણ થશે. વધુમાં તત્કાલ ટિકીટ રદ કરાવવા પર રિફંડ પોલીસીમાં પણ ફેરફાર કરાયો છે. કન્ફર્મ થઈ ગયેલી તત્કાલ ટિકીટને રદ કરવા ઉપર રેલવે દ્વારા કોઈપણ પ્રકારનો રિફંડ અપાશે નહીં. જોકે, ટિકીટ રદ કરવા ઉપર ૫૦ ટકા રિફંડની સુવિધા હવે રાખવામાં આવી છે. રેલવે દ્વારા ટૂંકમાં જ તેની તત્કાલ સ્પેશિયલ ટ્રેન સર્વિસ પણ શરૂ કરવામાં આવનાર છે. જેમાં મુસાફરી સામાન્ય ટ્રેન કરતા વધુ ખર્ચાળ રહેશે. રોકડ કટોકટીનો સામનો કરનાર રેલવે ચોક્કસ વ્યસ્ત રહેતા રૂટ ઉપર તત્કાલ ભાડાને ઓપરેશનમાં મુકીને ખાસ ટ્રેન દોડાવશે. યાત્રિઓને ઘણા બધા વિકલ્પો રહેશે. ડાયનેમિક ભાડા માળખાની યોજના તૈયાર કરાઈ રહી છે જે પ્રીમિયમ ટ્રેનોની ટિકીટ માટે લાગુ થશે. તત્કાલ સ્પેશિયલ ટ્રેન એડિશનલ સર્વિસ તરીકેની રહેશે. સેકન્ડ ક્લાસ માટે મૂળભૂત ભાડાના તત્કાલ રેટ ૧૦ ટકા સુધી રહેશે. જ્યારે અન્ય ક્લાસ માટે મૂળભૂત ભાડાના ૩૦ ટકા સુધી રહેશે. રેલવે દ્વારા તત્કાલ સ્પેશિયલ ટ્રેન માટે એડવાન્સ રિઝર્વેશનનો ગાળો હળવો કર્યો છે.

## પ્રતિષ્ઠિત કોપા અમેરિકા કપની આજથી શાનદાર શરૂઆત થશે

સેન્ટીયાગો, તા. ૧૦

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે પ્રતિષ્ઠિત કોપા અમેરિકા કપ ફુટબોલની આવતીકાલથી રોમાંચક શરૂઆત થઈ રહી છે. વિશ્વની ટોપની ફુટબોલ ટીમો શાનદાર દેખાવ કરવા માટે સજજ દેખાઈ રહી છે. ત્રણ ગ્રુપોમાં કુલ ૧૨ ટીમો ટ્રોફી માટે મેદાનમાં ઉતરનાર છે. ગ્રુપ એમાં જે ટીમો છે તેમાં ચિલી, મેક્સિકો, ઈક્વાડોર અને બોલિવિયાની ટીમો છે. જ્યારે ગ્રુપ બીમાં આર્જેન્ટિના, ઉરુગ્વે, પરાગ્વે અને જમૈકાની ટીમો ટકરાશે. આવી જ રીતે ગ્રુપ સીમાં બ્રાઝીલ, કોલંબિયા, પેરુ અને વેનેઝુએલાની ટીમ રહેલી છે. રસપ્રદ બાબત એ છે કે તાજેતરમાં બાર્સેલોના તરફથી એક ટીમમાં રમી ચુકેલા ત્રણ ફુટબોલ સ્ટાર મેસ્સી, નેમાર અને સુઆરેઝ આ સ્પર્ધામાં પોત પોતાની રાષ્ટ્રીય ટીમમાંથી ટકરાશે. આ ત્રિપુટીએ હાલના સત્રમાં કુલ ૧૨૨ ગોલ ફટકાર્યા હતા. પરંતુ આ સ્પર્ધામાં ત્રણેય પોત પોતાની ટીમને જીત અપાવવા માટે હરિફ ખેલાડી તરીકે મેદાનમાં ઉતરનાર છે. મેસ્સી આર્જેન્ટિનાનુ નેતૃત્વ કરનાર છે. તેના પર હવે રાષ્ટ્રીય ટીમનો આધાર રહેશે. જ્યારે બ્રાઝિલનુ નેતૃત્વ નેમાર કરી રહ્યો છે. આવી જ રીતે સુઆરેઝ ઉરુગ્વેનુ નેતૃત્વ કરતો નજરે પડનાર છે. કોપા અમેરિકા કપનો ઈતિહાસ ખુબ શાનદાર રહ્યો છે. કોપા અમેરિકા કપમાં દક્ષિણી અમેરિકાની કુલ ૧૦ ટીમો ભાગ લઈ રહી છે. બે ટીમો મેક્સિકો અને જમૈકા મહેમાન તરીકે મેદાનમાં ઉતરી રહી છે. વર્ષ ૨૦૧૧માં ઉરુગ્વેએ પેરાગ્વેને હાર આપીને ટ્રોફી જીતી લીધી હતી. ટુર્નામેન્ટમાં વિજેતા બનનારને વર્ષ ૨૦૧૭માં થનાર ફીફા વર્લ્ડ કપ માટે સીધી રીતે ટિકિટ મળશે. આ ટુર્નામેન્ટમાં ૧૫ વખત ઉરુગ્વે ચેમ્પિયન બન્યુંછે. જ્યારે ૧૪ વખત આર્જેન્ટિના ચેમ્પિયન બન્યું છે. બ્રાઝિલની ટીમ અહી આઠ વખત ચેમ્પિયન બનવામાં સફળ રહી છે. દિગ્ગજ સ્ટાર મેસીએ હાલમાં સ્પેનિશ ક્લબ બાર્સેલોના તરફથી રમીને જોરદાર દેખાવ કર્યો હતો. તે અનેક સિદ્ધી પોતાના નામે કરી ચુક્યો છે પરંતુ હવે આર્જેન્ટિના તરફથી શાનદાર દેખાવ કરવાની તેને તક છે. મેસ્સીએ ધરખમ દેખાવ કર્યોછે. કોપા અમેરિકા કપની ફાઈનલ મેચ ચોથી જુલાઈના દિવસે રમાશે. સેમી ફાઈનલ ૨૯ અને ૩૦મી જુનના દિવસે યોજાશે. નોકઆઉટ સ્ટેજમાં આઠ ટીમો સિંગલ એલિમિનેશન ટૂર્નામેન્ટમાં રમશે. ક્વાર્ટર ફાઈનલ, સેમીફાઈનલ અને ત્રીજા સ્થાન માટેની મેચો પ્લે ઓફ રહેશે. ૯૦ મિનિટ બાદ પણ ટાઈ રહેશે તો પેનલ્ટી શુટઆઉટનો ઉપયોગ કરાશે. ફાઈનલ મેચમાં જો ટાઈ રહેશે અને ૯૦ મિનિટ બાદ પણ વધારાના ૩૦ મિનિટમાં કોઈ ગોલ નહીં થાય તો પેનલ્ટી શુટઆઉટનો ઉપયોગ કરાશે.

**કેજરીવાલ સરકારની વધુ એક પીછેહઠ**

## દિલ્હી એસીબી અંગે કેન્દ્રના જાહેરનામા પર સ્ટે ન મુકાયો

નવી દિલ્હી,તા. ૧૦

દિલ્હી હાઈકોર્ટે તેના અધિકારીઓ સામે કાર્યવાહી કરવાથી દિલ્હી સરકારના એસીબી ઉપર પ્રતિબંધ મુકવાના કેન્દ્રના જાહેરનામા ઉપર મનાઈ હુકમ મુકવાનો દિલ્હી હાઈકોર્ટે આજે ઈન્કાર કર્યો હતો. દિલ્હી એસીબી પર કેન્દ્રના જાહેરનામા સામે સ્ટે મુકવાનો હાઈકોર્ટે ઈન્કાર કરતાં કેજરીવાલ સરકારને પીછેહઠનો સામનો કરવો પડ્યો છે. આ મામલામાં જાહેરહિતની નવેસરની અરજી પર સુનાવણી ચલાવતીવેળા આ મુજબનો આદેશ કરાયો હતો. ૨૧મી મેના જાહેરનામા ઉપર સ્ટે મુકવાનો ઈન્કાર કરતા હાઈકોર્ટે કહ્યું હતું કે, આ અરજી પણ આ મામલા પર અન્ય અરજીઓ જેવી જ રહી છે. જાહેરનામા પર પ્રતિબંધ મુકી શકાય તેમ નથી. કારણકે, તેમાં કેટલીક ટેકનીકલ બાબત રહેલી છે. હાઈકોર્ટે અગાઉ એવા જાહેરનામા પર સ્ટે મુકવાનો ઈન્કાર કર્યો હતો જે ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયો હતો અને તેમાં દિલ્હીના લેફટી ગવર્નરની સત્તા અંગે ખુલાસો કરાયો હતો. એસીબીની સત્તા પર કાપ મુકવાની વાત પણ આમાં કરાઈ હતી. જાહેરનામા મુજબ માત્ર એલજી જ સર્વિસ, જમીન, પબ્લિક સેફટી, કાયદા અને વ્યવસ્થાના મામલામાં કાર્યવાહી કરવાનો અધિકાર ધરાવે છે. આમાં એમપણ કહેવામાં આવ્યું હતું કે, માત્ર એલજી જ રાષ્ટ્રીય પાટનગરમાં અધિકારીઓની બદલી અને નિમણૂંક કરી શકે છે.

## શાહરૂખખાને હવે સીપીએલ ટીમને ખરીદી લીધી : રિપોર્ટ

મુંબઈ,તા.૧૦

બોલીવુડમાં કિંગ તરીકે જાણીતા શાહરૂખ ખાને એક ખૂબ શાનદાર અને કુશળ બિઝનેસમેન હોવાની પણ સાબિતી વારંવાર આપી છે. શાહરૂખ ખાન હાલમાં ઈન્ડિયન પ્રીમિયર લીગમાં કોલકાતા નાઈટરાઈડર્સની સહમાલિકી ધરાવે છે. હવે શાહરૂખ ખાને કેરેબિયન પ્રીમિયર લીગ (સીપીઆઈ)માં હિસ્સો ખરીદી લીધો છે. કેરેબિયન લીગ ટી એન્ડ ટીને ખરીદી લીધા બાદ તે ભારે ખુશ દેખાઈ રહ્યો છે. શાહરૂખ ખાનની કંપની રેડચિલી એન્ટરટેઈનમેન્ટ અને જુહી ચાવલા અને તેના પતિ જય મહેતાની સહમાલિકીએ સાથે મળીને સીપીએલની ત્રિનિદાદ એન્ડ ટોબેગો ફ્રેન્ચાઈઝીમાં જંગી રોકાણ કર્યુ છે. આ ટૂર્નામેન્ટની શરૂઆત ૨૦મી જુનના દિવસથી થઈ રહી છે. આ ટૂર્નામેન્ટ ૨૬મી જુલાઈ સુધી ચાલનાર છે. શાહરૂખ ખાન દ્વારા આ ફ્રેન્ચાઈઝીમાં રસ દર્શાવવામાં આવ્યા બાદ તમામ લોકોમાં ભારે ચર્ચા છે.

ટી એન્ડ ટી ફ્રેન્ચાઈઝીમાં મૂડીરોકાણ અંગેના નિર્ણયને સમર્થન આપતાં શાહરૂખ ખાને કહ્યું છે કે, વૈશ્વિક સ્તર ઉપર વિઝનને વધારવાના હેતુસર આ નિર્ણય કરાયો છે. ત્રિનીદાદ એન્ડ ટોબેગોની ક્રિકેટ પરંપરાને લઈને અમે ખૂબ જ ખુશ છીએ અને રોમાંચિત પણ છીએ. શાહરૂખ ખાને સીપીએલ ટીમ ખરીદી લીધા બાદ આવનાર દિવસોમાં આને લઈને ઉત્સુક્તા રહેશે. ટી એન્ડ ટી ફ્રેન્ચાઈઝીમાં કેટલાક સ્ટાર ખેલાડીઓ રહેલા છે. જેમાં વિશ્વના સ્ટાર બેટ્સમેનનો પણ સમાવેશ થાય છે. ટી એન્ડ ટીમાંથી ટોપ ક્રિકેટરોમાં બ્રાયન લારા, બ્રાવો, વિતેલા વર્ષના ગસ લોગી, સુનિલ નારેનનો સમાવેશ થાય છે. કેકેઆરના વડાએ કહ્યું છે કે, ત્રિનીદાદ એન્ડ ટોબેગોમાં ૧.૩ મિલીયન લોકોની વસ્તી છે. જેમાં ભારતીય મૂળના લોકોની સંખ્યા ૩૮ ટકાની આસપાસ છે. તેમના સ્ટાર માલિક હોવાથી ટીમની મેચ જોવા વધુ લોકો પહોંચશે તેવી ગણતરી પણ થઈ રહી છે.

## આસામમાં પુરની સ્થિતી ગંભીર

ગુવાહાટી,તા. ૧૦

આસામમાં પુરની સ્થિતી વધુ ગંભીર બની ગઈ છે. આસામના ૧૦ જિલ્લામાં હાલમાં ૮૦,૦૦૦ લોકોને માઠી અસર થઈ છે. લખીમપુર જિલ્લામાં એક વ્યક્તિનુ મોત થયું છે. જ્યારે કેટલાક લોકોને અન્યત્ર ખસી જવાની ફરજ પડી છે. ૨૭થી વધુ ગામોમાં પુરના પાણી ફરી વળ્યા છે. રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવેલા પુર બુલેટિનમાં કહેવામાં આવ્યું છે કે બારપેટા, સોનિતપુર, ધેમાજી, લખીમપુર, તીનસુકિયા, દારંગ, નાલબેરી, ગોલપારા, જોરહાટ અને કામરૂપમાં લોકોની હાલત ખુબ કફોડી બની ગઈ છે. કુલ ૧૯૨ ગામો પુરના પાણી હેઠળ આવી ગયા છે. ૩૭૬૬ હેક્ટર પાક ભૂમિમાં પાકને ભારે નુકસાન થયું છે. તીનસુકિયા જિલ્લામાં ત્રણ રાહત કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં હાલમાં ૨૦૦ લોકો રહે છે. જોરહાટ જિલ્લામાં મજુલી નદીમાં પુરના કારણે પાણીની સપાટી સતત વધી રહી છે. સોનિતપુર, બારપેટા અને જોરહાટમાં નદી કિનારે કેટલાક ગાબડા પડ્યા હોવાના અહેવાલ પણ



મળ્યા છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આસામમાં નવેસરથી આવેલા પુરના કારણે એક વ્યક્તિનુ મોત થયું છે અને ૮૦૦૦૦ લોકોને માઠી અસર થઈ છે. આસામ રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે બારપેટા, સોનિતપુર, ધેમાજી, કોકરાઝાડ, બોંગઈગામ અને લખીમપુર જિલ્લાના વિવિધ ગામોમાં લોકોની હાલત કફોડી બની છે. બારપેટા જિલ્લામાં સૌથી વધારે ૧૨૨૦૦ લોકોને અસર થઈ છે. જ્યારે કોકરાઝારમાં આશરે ૯૨૦૦ લોકો પુરના કારણે અસર પામ્યા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના નાયબ સચિવ નંદિતા હજારિકાએ એક નિવેદનમાં માહિતી આપતા કહ્યુ છે કે મૃત્યુ પામેલ વ્યકિત બોંગાઈગામ જિલ્લાની છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે કોકરાઝાર જિલ્લામાં ૧૨ રાહત કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા છે. જેમાં હાલમાં ૯૧૦૦ લોકો રહી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે પુરના કારણે ૫૦ ઘર અને આશરે ૩૭૬૬ હેક્ટર વિસ્તારમાં ઉભા પાકને ભારે નુકસાન થયું છે. પુરના કારણે સોનિતપુરમાં બે અને બોંગાઈગામમાં એક માર્ગ અને બે પુલને પણ નુકસાન થયું છે. કામરુપ જિલ્લામાં પુથીમારી નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી ગઈ છે. બીજી બાજુ અન્ય કેટલીક નદીઓમાં પણ પાણીની સપાટી હવે સતત વધી રહી છે. હાલમાં ભારે વરસાદના કારણે ૧૦ જિલ્લામાં પુરની સ્થિતી સર્જાઈ ગઈ છે. બચાવ અને રાહત કામગીરી કેટલાક વિસ્તારમાં હાથ ધરીને લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે. તમામ જરૂરી સુવિધા કેમ્પમાં લોકોને આપવામાં આવી રહી છે. સ્થિતીમાં હાલમાં સુધાર થાય તેવા કોઈ સંકેત નથી. તંત્ર પણ બિલકુલ સાવધાન છે.

## પ્રથમ ટેસ્ટમાં શિખર ધવન અને મુરલી વિજય છવાયા

ફતુલ્લા,તા. ૧૦

ફતુલ્લાના ખાનસાહેબ ઉસ્માન અલી સ્ટેડિયમ ખાતે શરૂ થયેલી પ્રથમ ટેસ્ટ મેચના વરસાદગ્રસ્ત પ્રથમ દિવસે ભારતે જોરદાર દેખાવ કરીને કોઈપણ વિકેટ ગુમાવ્યા વગર ૨૩૯ રન બનાવી લીધા હતા. આજે પ્રથમ દિવસે નિર્ધારીત



૯૦ ઓવરના બદલે માત્ર ૫૬ ઓવરની રમત શક્ય બની હતી. વરસાદ અને ખરાબ હવામાનના કારણે મેચના પ્રથમ દિવસે રમત બગડી હતી અને ખૂબ ઓછી રમત રમાતા ક્રિકેટચાહકો નિરાશ થયા હતા. જોકે, આજે પ્રથમ દિવસે ભારત તરફથી બન્ને ઓપનિંગ બેટ્સમેનોએ બાંગ્લાદેશી બોલરોને ખુશ થવાની તક આપી નહતી. મુરલી વિજય અને શિખર ધવન છવાયેલા રહ્યા હતા. શિખર ધવને ઝંઝાવતી બેટિંગ કરીને ૨૧ ચોગ્ગાની મદદથી ૧૫૮ બોલમાં ૧૫૦ રન ફટકારી દીધા હતા. શિખર ધવને ૯૪.૯૩ રનની સ્ટ્રાઈક રેટ સાથે આ રન બનાવ્યા હતા અને વન-ડે જેવી ઈનિંગ્સ રમી હતી.

## રિટેલ ઈ-કોમર્સ એફડીઆઈ નિયમ હાલ હળવા નહી થાય

નવી દિલ્હી,તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે ઈલેક્ટ્રોનિક કોમર્સ માટેના વિદેશી સીધા રોકાણ માટેના નિયમોને હળવા નહી કરવાનો નિર્ણય કર્યો છે. ગયા મહિનામાં વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યપ્રધાન નિર્મલા સીતારામને કન્ફડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ, ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ( ફિક્કી)ના પ્રતિનિધીઓ સાથે વાતચીત કરી હતી. ભારતીય ઈ-કોમર્સ કંપનીઓ પર એફડીઆઈની અસર અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર હવે મેક ઈન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ ભારતીય મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે ઈચ્છુક છે. ઈ-કોમર્સમાં વિદેશીસીધા રોકાણની બાબત ગ્રાહકોની બિલુકલ વિરુદ્ધમાં છે. ૧૦૦ ટકા એફડીઆઈને બિઝનેસ ટુ બિઝનેસ ઈ-કોમર્સમાં મંજૂરી આપવામાં આવી છે. પરંતુ બિઝનેસ કન્ઝ્યુમર સેગ્મેન્ટમાં આના પર પ્રતિબંધ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઈ-કોમર્સ માટે તેની એફડીઆઈ પોલીસીને હળવી કરવા માટે અમેરિકા અને જાપાન જેવા દેશો તરફથી જોરદાર દબાણ છે. રીટેલ ઈ-કોમર્સમાં એફડીઆઈને સુધારવા માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. હાલમાં બાજપ સરકાર વિદેશી રોકાણને વધારી દેવાના તમામ પ્રયાસ કરી રહી છે. વડાપ્રધાન મોદી પોતે વિદેશી રોકાણને આકર્ષિત કરવા માટે વિવિધ પહેલ કરી રહ્યા છે. બિઝનેસ કારોબાર સરળ રીતે કરી શકાય તે માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. વિદેશી રીટેલર્સ ભારતીય બજારને લઈને આશાવાદી બનેલા છે.

## એરસેલ કેસમાં મારનની અરજી કોર્ટે ફગાવી દીધી

ચેન્નાઈ,તા. ૧૦

મારન બંધુઓને મોટી પીછેહઠનો સામનો કરવો પડે તેવા એક ઘટનાક્રમમાં મદ્રાસ હાઈકોર્ટે સંપત્તિ જપ્ત કરવા સામે કરવામાં આવેલી મારન બંધુઓની અરજીને આજે ફગાવી દીધી હતી. એરસેલ-મેક્સીસ સૌદાબાજીમાં મની લોન્ડરીંગ સાથે સંબંધિત કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમની સંપત્તિ જપ્ત કરવાને પડકાર ફેંકી સનટીવી અને કાલ કોમ્યુનિકેશનના માલિક દ્વારા કરવામાં આવેલ અરજીને આજે ફગાવી દેવાઈ હતી. અરજીને ફગાવી દેતા જસ્ટીસ એમ સત્યનારાયણે કહ્યું હતું કે, તેમની અરજી ટકી શકે તે પ્રકારની નથી મદ્રાસ હાઈકોર્ટે સન ટીવી અને કાલ કોમ્યુનિકેશનને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા કહ્યું હતું.

## મંદી ઉપર બ્રેક : સેન્સેક્સમાં ૩૫૯ પોઈન્ટનો ફરી સુધારો

મુંબઈ,તા. ૧૦

શેરબજારમાં છેલ્લા છ દિવસથી ચાલતી મંદી ઉપર આજે બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે બેંચમાર્ક સેન્સેક્સ આજે ૩૫૯ પોઈન્ટ રિકવર થઈને બંધ રહ્યો હતો. સેન્સેક્સ મુલ્ય લેવાલીની સ્થિતિ વચ્ચે ૨૬૮૪૧ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી કારોબારના અંતે ૧૦૨ પોઈન્ટ ઉછળીને ૮૧૨૪ની સપાટીએ રહ્યો હતો. અગાઉના છ કારોબારી સેશનમાં સેન્સેક્સમાં ૧૩૬૮ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. બ્રોકરોનું કહેવું છે કે, મુલ્ય લેવાલી ઉપરાંત એમએસસીઆઈએ ચીની શેરના મામલામાં કેટલાક નિર્ણય મોકુફ કરી દીધા હતા. ભેલના શેરમાં સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો હતો. ભેલના શેરમાં ૪.૨૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. જેથી તેના શેરની કિંમત ૨૫૧ સુધી પહોંચી હતી. આવી જ રીતે વિપ્રોના શેરમાં ૩.૬૦ ટકાનો ઉછાળો નોંધાયો હતો. સેન્સેક્સના જે શેરમાં આજે જોરદાર તેજી રહી હતી તેમાં બજાજ ઓટોમાં ૩.૦૮, આરઆઈએલમાં ૨.૪૯ ટકા, એલએન્ડટીમાં ૨.૩૭ ટકા, તાતા પાવર્સમાં ૨.૨૨ ટકા, આઈસીઆઈસીઆઈ બેંકમાં ૧.૮૫ ટકા અને ઈન્ફોસીસના શેરમાં ૧.૬૯ ટકાનો ઉછાળો રહ્યો હતો. સરકારે ખાંડ મિલોને વ્યાજમુક્ત લોન આપવાની તૈયારી દર્શાવતા ખાંડ મિલોના શેરમાં પણ ઉછાળો નોંધાયો હતો. વિદેશી રોકાણકારોએ ગઈકાલે ૬૪૫.૦૨ કરોડની કિંમતના શેર વેચી માર્યા હતા. વૈશ્વિક એશિયન બજારમાં મિશ્ર સ્થિતિ રહી હતી. સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૧૧ ટકા અને મિડકેપમાં ૧.૦૮ ટકાનો ઉછાળો રહ્યો હતો. આઈટી ઈન્ડેક્સમાં સૌથી વધુ ૨.૦૮ ટકાનો ઉછાળો નોંધાયો હતો.

## ૧૧૪૪ વધુ ટ્રેનોમાં ટુંકમાં જ ઈ-કેટેરિંગ સુવિધા રહેશે

નવી દિલ્હી,તા. ૧૦

ઈન્ડિયન રેલવે કેટેરિંગ એન્ડ ટ્યુરિઝમ કોર્પોરેશન દ્વારા હવે વધુ ૧૧૪૪ ટ્રેનોમાં તેની ઈ-કેટેરિંગ સર્વિસ શરૂ કરવાની તૈયારી કરી લીધી છે. આના પરિણામસ્વરૂપે રેલવે યાત્રીઓને તેમની પસંદગીના ભોજનના વધારે વિકલ્પ મળી રહેશે. અગ્રણી લોકપ્રિય ફુડ ચેઈન દ્વારા તૈયાર કરવામાં આવેલા યાત્રી ભોજનની મજા પ્રવાસી માણી શકશે. હાલમાં આ સર્વિસ ૨૦૧ ટ્રેનમાં ઉપલબ્ધ છે. આ સર્વિસ હેઠળ લોકોને વધુને વધુ ગુણવત્તા સાથે ભોજન મળે તેના પર ખાસ ધ્યાન આપવામાં આવનાર છે ઈકોનોમીથી વધારે કિંમતી ભોજનની વ્યવસ્થા કરવામાં આવનાર છે. સાથે સાથે ડોમિનોઝ અને બિકાનેરવાલા જેવી લોકપ્રિય બ્રાન્ડની ચીજવસ્તુઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી હિલચાલ ચાલી રહી છે. પ્રવાસીઓને દરેક પ્રકારની સુવિધાની દિશામાં રેલવે દ્વારા છેલ્લા કેટલાક દિવસથી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે ૬૦ રૂપિયાનો લઘુત્તમ ઓર્ડર આપી શકાશે. પસંદગીના સ્ટેશન પર ટ્રેનના આગમનના બે કલાક પહેલા ઓર્ડર કરવાનો રહેશે. જો ટ્રેન મોડેથી દોડી રહી છે તો તે સ્થિતીમાં તે ઓર્ડર તરફ ધ્યાન આપવામાં આવશે નહી. બીજી બાજુ જો યાત્રીને સમયસર ભોજન નહી મળે તો બેંક ચાર્જમાં કાપ મુક્યા બાદ સંપૂર્ણ રિફન્ડ કરવામાં આવશે. તેના એક્સટેન્શન પ્લાન હેઠળ આઈઆરસીટીસી દ્વારા હાઈ ક્વોલિટી ધરાવનાર સર્વિસ લોકોને બોલાવ્યા છે. તેમની સાથે વાતચીત ચાલી રહી છે.

પીએસયુને આશા છે કે મોટી સંખ્યામાં બ્રાન્ડ પ્રોડેકટની ટુંક સમયમાં એન્ટ્રી થઈ શકે છે. જેથી રેલવેમાં મુસાફરી કરનાર લોકોને વધારે વિકલ્પ મળી રહેશે. સાથે સાથે સર્વિસ ઉપલબ્ધ કરાવનાર કેટેરિંગ સંસ્થા વચ્ચે પણ એકપ્રકારની સ્પર્ધા આરોગ્યને લઈને રહેશે જેથી એકંદરે રેલવે યાત્રીઓને ફાયદો થશે.